

રાજ્યમાં કોરોનાના કેસમાં વધારાને પગલે ગીતા મંદિર એસટી સ્ટેન્ડમાં પેસેન્જરનો ધસારો રહેતા એએમસી દ્વારા કોરોના ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે.

# ઘ-૪ અંડરપાસની જાળી તુટી હોવાની જાણ થતાં મેયર જાતે સ્થળ પર ધસી ગયાં

**એન્જિનિયરિંગ શાખાના અધિકારીઓને સ્થળ પર બોલાવી તુટેલી જાળી રીપેર કરવા અને ફરી ના તુટે તેનું ધ્યાન રાખવા સૂચના આપી**

ગાંધીનગર તા.૧૫

ગાંધીનગરની મધ્યમાં ઘ-૪ ખાતે જ્યારથી અંડરપાસ બન્યો છે ત્યારથી તે વારંવાર કોઈને કોઈ વિવાદમાં સપડાતો રહ્યો છે. તાજેતરમાં આ અન્ડરપાસમાં નીચેના ભાગે વરસાદી પાણીના નિકાલ માટેની લોખંડની જાળી તુટી ગઈ હતી જેને ત્યાંથી પસાર થઈ રહેલા શહેરના એક મહિલા કોર્પોરેટરના પતિએ જોતાં તુરંત તેનું સમારકામ કરાવ્યું હતું. હવે છેલ્લાં બે-ત્રણ દિવસથી આ અંડરપાસમાં ઘ-૫ તરફથી પ્રવેશવાના ભાગે આવેલી વરસાદી પાણીના નિકાલ માટેની લોખંડની જાળી તુટી રહી હતી જે આજે તો તુટીને વાહનચાલકો માટે અકસ્માતના જોખમરૂપ બની જવા પામી હતી. આ બાબતની જાણ ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણાને થતાં જ તેઓ તુરંત જ સ્થળ પર દોડી ગયા હતા. આ સાથે મેયરે એન્જિનિયરિંગ શાખાના અધિકારીઓને સ્થળ પર બોલાવ્યા હતા અને આ તુટેલી જાળી નાગરિકો માટે જોખમરૂપ બને તે પહેલાં તેને રીપેર કરવા અને ભવિષ્યમાં આ પ્રકારની ઘટના ના બને તેનું ધ્યાન રાખવા સૂચના આપી હતી. શહેરના મુખ્ય માર્ગ સમાન ઘ-રોડ પર આવેલા અંડરપાસ પર અગાઉ પણ આ જાળી તૂટવાની ઘટનાઓ બની હોવાનું જણાવી તેમણે અધિકારીઓને આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા જણાવ્યું હતું. મેયરે આ સાથે ભવિષ્યમાં આ પ્રકારની ઘટના બને તો જવાબદાર અધિકારીઓ અને એજન્સી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું જણાવતાં અધિકારીઓએ તાબડતોબ રીપેરિંગની કામગીરી શરૂ કરવાની ખાતરી આપી હતી.



# અધિકારીઓની દાદાગીરી નહી ચાલે, કામ કરવું પડશે

**સી.આર પાટીલ એક કાર્યક્રમના સંબોધન : અધિકારીઓએ કામ કરવું પડશે અને જનપ્રતિનિધિઓનાં જવાબ પણ આપવા પડશે : ભાજપ પ્રમુખ**

અમરેલી, તા.૧૫

લાઠીમાં ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર પાટીલ એક કાર્યક્રમના સંબોધન દરમિયાન અધિકારીઓને કડક અંદાજમાં ટકોર કરી હતી. તેમણે જણાવ્યું કે, અધિકારીઓએ કામ કરવું પડશે અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના ફોન પણ ઉપાડવા પડશે.

સી.આર પાટીલે સરકારી અધિકારીઓને ટકોર કરતા જણાવ્યું કે, મુખ્યમંત્રીએ અધિકારીઓને સુચના આપી છે કે, તમામ ધારાસભ્યોના નંબર તમારા મોબાઈલમાં સેવ હોવા જોઈએ. કોઈ પણ ધારાસભ્ય ફોન કરે તો ફોનનો જવાબ આપો.

ગઈકાલે મુખ્યમંત્રીને ફરી એકવાર વિનંતી કરી છે કે, સાહેબ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, પાલિકાઓમાં પણ અધિકારીઓએ ચૂંટાયેલા પદાધિકારીઓના ફોનનો જવાબ નથી આપતા. પરંતુ હવે અધિકારીઓએ કામ કરવું પડશે અને જનપ્રતિનિધિઓનાં જવાબ પણ આપવા પડશે.

થોડા દિવસો અગાઉ સુરતના કડોદરામાં યોજાયેલા ભાજપના સ્નેહમિલનના કાર્યક્રમમાં પ્રમુખ સી.આર પાટીલે અધિકારીઓને ટકોર કરી હતી. કાર્યકર્તાઓને સંબોધિત કરતા સમયે અધિકારીઓને ચૂંટાયેલા પ્રતિનિધિઓના નંબર સેવ રાખીને તેનો જવાબ આપવા પણ સુચના આપી હતી. જ્યારે જરૂર પડે ત્યારે ગમે ત્યારે અધિકારીઓએ ફોન ઉઠાવવા પડશે.

સોમ-મંગળ સિવાય સચિવાલયમાં કામ માટે તમામ અધિકારીઓ અને મંત્રીઓને પણ હાજર રહેવા માટે સુચન કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ ગુજરાતમાં અધિકારી રાજ હોવાની ફરિયાદો ઉઠી ચુકી છે. અધિકારીઓ ચૂંટાયેલા પ્રતિનિધિઓને ગણકારતા નહી હોવાનું અને ફોન ઉપાડતા નહી હોવાની ફરિયાદો ઉઠી હતી. હવે અધિકારીઓએ ધારાસભ્ય, સાંસદ કે અન્ય ચૂંટાયેલા નેતાઓનો ફોન ઉપાડવા માટે ટકોર કરી હતી. સી.આર પાટીલે કડક અંદાજમાં જણાવ્યું કે, અધિકારીઓએ માત્ર ફોન ઉપાડીને જવાબ આપવાનું નહી પરંતુ તેમના જરૂરી કામ પણ કરવા પડશે. કોઈ પ્રકારની દાદાગીરી ચલાવી નહી લેવાય.

# અમદાવાદમાં ઈંડાની લારીઓ જાહેરમાં લગાવવા પર પ્રતિબંધ

**રાજ્યમાં ઈંડા પરની લારીઓ પરનો પ્રતિબંધ પ્રસર્યો**

**નિયમ મુજબ જાહેરમાં નોનવેજ ઢાંકીને વેચવું પડશે**

અમદાવાદ , તા.૧૫

જાહેરમાં નોનવેજ અને ઈંડાની લારીઓ પર પ્રતિબંધની રાજકોટ કોર્પોરેશને કરેલી જાહેરાત બાદ તો આ નિર્ણય જાણે જંગલની આગ બની ચુક્યો છે. એક પછી એક પાલિકાઓ ઈંડા અને નોનવેજની લારીઓ પર પ્રતિબંધ લગાવી રહ્યા છે. અનેક મહાનગર પાલિકાઓ બાદ હવે આખરે ગુજરાતની સૌથી મોટી મહાનગરનગરપાલિકા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પણ નોનવેજ અને ઈંડાની લારીઓને જાહેરમાં નહી લગાવવા અંગેનો નિર્ણય લેવાયો છે.

આજથી બદલાયેલા નિયમ મુજબ જાહેરમાં નોનવેજ ઢાંકીને વેચવું પડશે.

હાલમાં નોનવેજ અને આમલેટની લારી બંધ નહિ કરાવાય. પરંતુ જાહેરમાં નોનવેજ વેચતા લારી ધારકોને કેટલાક નિયમોનું પાલન કરવુ પડશે. તેઓ હવે નોનવેજ ઢાંકીને વેચી શકશે. આ ઉપરાંત જાહેરમાં લારી નહી લગાવી શકે. લારી પર વેચાતી ખાદ્ય સામગ્રી પર હાઈજેનિક સ્થિતિ જાળવવી પડશે. પાલિકાના અધિકારીઓ રોડ રસ્તા પર લાગતી લારીઓનું સર્વે કરશે. બાદમાં મેયરની અધ્યક્ષતામાં બેઠક કર્યા બાદ નિર્ણય લેશે.

આ અંગે કોર્પોરેશન દ્વારા પ્લાનિંગ પણ કરવામાં આવી રહ્યું છે. નોનવેજ અને ઈંડાની લારીઓ હટાવવા અંગે હાલ તો ગુજરાતમાં રાજનીતિ પણ ગરમાઈ ચુકી છે.

## ચાંદખેડામાં ફરવા ગયેલા પરિવારના ઘરમાંથી દાગીનાની ચોરી

અમદાવાદ, તા. ૧૫

દિવાળીના તહેવાર દરમિયાન અનેક મકાનોમાં ચોરી થતી હોવાના કિસ્સા સામે આવતા હોય છે. કારણ કે કેટલાંક લોકો દિવાળીના તહેવાર દરમિયાન માદરે વતન કે પછી બહાર ક્યાંક ફરવા જતા હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો ચાંદખેડામાંથી સામે આવ્યો છે. અહીં રહેતો એક પરિવાર દિવાળી કરવા માટે વતન ગયો હતો. ત્યારે સિક્યુરિટી ગાર્ડ જ તેમના જ ઘરમાં હાથફેરો કરી દાગીના ચોરી ફરાર થયો હતો. આ મામલે પોલીસ ફરિયાદ થતા આખો મામલો સામે આવ્યો હતો.

બનાવની વિગત એવી છે કે, ચાંદખેડામાં દ્વારકેશ હાઈટ્સ આવેલી છે. અહીં રહેતા રમેશભાઈ ડામોર થલતેજ કોર્પોરેશનની ઓફિસમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. રમેશભાઈએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં કરેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના પરિવાર સાથે દિવાળી કરવા માટે વતન દાહોદમાં ગયા હતા.

# દૂધસાગર ડેરીના આદ્યસ્થાપક માનસિંહભાઈ ચૌધરીની ૧૦૨મી જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૫

મહેસાણા જિલ્લાની શાન અને ઓળખ ગણાતી દૂધસાગર ડેરીના આદ્ય સ્થાપક સ્વ. માનસિંહભાઈ ચૌધરીની ૧૦૨મી જન્મ જયંતિ નિમિત્તે દૂધસાગર ડેરી ઉપરાંત વિવિધ સ્થળોએ શ્રદ્ધાંજલિ અને પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દૂધસાગર ડેરી આજે માત્ર મહેસાણા જ નહી પરંતુ સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ધરાવે છે. દૂધસાગર ડેરીના વિવિધ ઉત્પાદનો ઘરે ઘરે જાણીતા બન્યા છે. છ લાખ જેટલા પશુપાલકો તેની સાથે જોડાયેલા છે. વિશાળ વટવૃક્ષ સમાન દૂધસાગર ડેરીના પાયામાં તેના આદ્યસ્થાપક સ્વ. માનસિંહભાઈ ચૌધરીનો સિંહફાળો છે. તેમની મહેનત અને દીર્ઘદૃષ્ટિના પરિણામ સ્વરૂપ દૂધસાગર ડેરી આજે સફળતાના સોપાનો સર કરી રહી છે. સ્વ. માનસિંહભાઈ ચૌધરીની ૧૦૨મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર દૂધસાગર ડેરી પરિવાર અને તેની સાથે જોડાયેલા પશુપાલકોએ તેમને યાદ કર્યા હતા અને સાથે જ વિવિધ સ્થળોએ કાર્યક્રમો યોજાયા હતા. દૂધસાગર ડેરીના પ્રાંગણમાં યોજાયેલા કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે માનસિંહભાઈ ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના છ લાખ જેટલા પશુપાલકોના હૃદયમાં ધબકે છે.

તેમનું મહાન વ્યક્તિત્વ હંમેશા અમર રહેશે. દૂધસાગર ડેરી સાથે જોડાયેલા પશુપાલકો હંમેશા તેમને યાદ કરશે. દૂદસાગર ડેરી માનસિંહભાઈ ચૌધરીએ દર્શાવેલ માર્ગ પર ચાલીને પશુપાલકોના જીવનમાં અજવાળુ પાથરવા નિત્ય પ્રયત્નશીલ છે. એમની આ તપોભૂમિને નવી ભવ્યતા અપાવવા અમે સતત પ્રયત્નશીલ છીએ.

આ કાર્યક્રમમાં નિયામક મંડળના સભ્ય સરદારભાઈ ચૌધરી, દિલીપભાઈ ચૌધરી તથા રાજુભાઈ ચૌધરી (વકીલ) અને દૂધસાગર ડેરીનો સ્ટાફ પરિવાર વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. દૂદસાગર ડેરીના પ્રાંગણ ઉપરાંત ધારુહેડા, માનેસર અને અન્ય તમામ એકમો પર વિશેષ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.



# સાબરકાંઠામાંથી સિમકાર્ડ રેકેટ ઝડપાયું

**ક્રાઈમ બ્રાંચે સિમકાર્ડ રેકેટ ઝડપી પાડ્યું : ગેંગ પાસે ૨૦,૦૦૦ સિમકાર્ડ હતા : તલોદના અણિયોલ ગામનો એક વ્યક્તિ કથિત રીતે ગેરકાયદેસર રીતે સિમકાર્ડ વેચતો હોવાનું સામે આવ્યું**

અમદાવાદ, તા. ૧૫

શહેરની ક્રાઈમ બ્રાંચે હાલમાં જ વિજયસિંહ ઝાલા નામના ૨૨ વર્ષીય શખ્સની ધરપકડ કરી છે. સાબરકાંઠાના તલોદ તાલુકાના અણિયોલ ગામનો વિજયસિંહ કથિત રીતે ગેરકાયદેસર રીતે સિમકાર્ડ વેચતો હોવાનું સામે આવ્યું છે. તેની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, બેંક એકાઉન્ટ, ડિજિટલ વોલેટ્સ, ઓટીટી એપના ઉપયોગ માટે પ્રત્યય દસ્તકાવેજો પણ ગેરકાયદેસર રીતે વેચ્યા હતા.

ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને સાબરકાંઠા, અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લાઓમાં આ પ્રકારના ગોરખધંધા મોટા પ્રમાણમાં થઈ રહ્યા છે. અહીં ઠગ ટોળકીઓ ડાર્ક વેબનો ઉપયોગ કરીને ટેલિકોમ કંપનીઓ અને બેંક્રોમાંથી ડેટા ચોરે છે અને બાદમાં તેનો ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરે છે, તેમ પોલીસે જણાવ્યું.

૯ ઓક્ટોબરે પોલીસે બાતમીના આધારે વિજયસિંહને દબોચ્યો હતો. પોલીસને માહિતી મળી હતી કે, તે એક ચોક્કસ વ્યક્તિને અમુક સિમકાર્ડ ડિલિવર કરવાનો છે. પોલીસે વિજયસિંહને પકડ્યા બાદ તેની પૂછપરછ કરતાં ખુલાસો થયો કે, વિજયસિંહ જે ગેંગ માટે ડિલિવરી બોય તરીકે કામ કરતો તેની પાસે આશરે ૨૦,૦૦૦ સિમકાર્ડ છે.

પોલીસે વિગતો આપતાં કહ્યું, "આવી ગેંગ વિવિધ સ્તરમાં કામ કરે છે જેથી પોલીસથી બચી શકે. ગેંગનો સરદાર વિવિધ ટેલિગ્રામ ગ્રુપનું સંચાલન કરે છે અને તેના થકી તે સિમકાર્ડ, બેંક અકાઉન્ટ અને ડિજિટલ વોલેટના

સોદા માટે ઓફર આપે છે. જો કોઈ વ્યક્તિ તેમાં રસ દાખવે તો ગેંગના અન્ય શખ્સો તેના દસ્તાવેજો ચેક કરે છે અને જો તે વ્યક્તિ બ્રેકગ્રાઉન્ડ ચેકમાં સફળ રહે તો તેને સિમકાર્ડની ડિલિવરી કરવામાં આવે છે."

ડિજિટલ વોલેટ અને બેન્ક અકાઉન્ટના કિસ્સામાં ગેરકાયદેસર રીતે આની ખરીદી કરતાં ગ્રાહક સુધી યૂઝર આઈડી અથવા પાસવર્ડ ગેંગ મેમ્બર દ્વારા એવી રીતે પહોંચાડવામાં આવે છે કે તેને તેમનું નામ કે ઓળખ ખબર ના પડે. માત્ર ગ્રાહક કે યૂઝર જ નહીં બીજા અથવા ત્રીજા સ્તરમાં કામ કરતાં ગેંગના સભ્યોને પણ નથી ખબર હોતી કે તેમનો આકા કોણ છે, તેમ પોલીસે જણાવ્યું.

ગેંગના સભ્યો સિમકાર્ડ અને બેંક અકાઉન્ટ રેકેટ માટે ખોટા નામ અને આઈડીનો ઉપયોગ કરે છે જેના કારણે પોલીસને પણ તેમની સાચી ઓળખ ખબર નથી હોતી. જ્યારે પોલીસે વિજયસિંહ ઝાલાને પકડ્યો ત્યારે એફઆઈઆરમાં અન્ય ૧૨ આરોપીઓના નામ પણ સામેલ કર્યા હતા. જેમાંથી એકનું નામ 'સની, નેટફ્લિક્સનો ક્લાયન્ટ' છે જ્યારે ૧૨મા આરોપીનું નામ 'બીઈંગ હ્યુમન' છે. પોલીસના કહેવા પ્રમાણે, અન્ય આરોપીઓ પણ એમએસડી ગુચ્ચુ, વ્હાઈટ રોઝ જેવા નકલી નામો આપે છે અને તેઓ ડાર્ક વેબનો ઉપયોગ કરતાં હોવાથી તેમને ટ્રેસ કરવા મુશ્કેલ બને છે. આ શખ્સોને પકડવા માટે પોલીસ હ્યુમન ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે.






## ડીસા નજીકની ભોપાનગર રેલવે ફાટકે ફરી ટ્રાફીક ચક્કાજામ : રોંગ સાઈડે વાહનો ઘુસી જતા વાહનોની લાઈનો લાગી : ટ્રાફીક હટાવતા ડીસા રૂરલ પોલીસને પરસેવો પડી ગયો

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાંથી પાટણ જિલ્લો અને સૌરાષ્ટ્ર -કાઠિયાવાડને જોડતો એકમાત્ર નેશનલ હાઈવે નં. ૨૬ પસાર થાય છે. જે હાઈવે ઉપર રાત- દિવસ વાહનોનો ભારે ઘસારો રહે છે પરંતુ હાઈવે ઉપર ડીસાના ભોપાનગર પાસે આવેલી રેલવે ફાટક મુસાફરો, વાહન ચાલકો સહિત આમ પ્રજા માટે માથાનો દુખાવો બની ગઈ છે. અવારનવાર ફાટક બંધ રહેતી હોવાના કારણે ફાટકની બંને સાઈડે વાહનોનો લાંબી લચક લાઈનો લાગી જાય છે. જેથી ટ્રાફિક ચક્કાજામ થતા મુસાફરો અને વાહન ચાલકોને કલાકો સુધી ટ્રાફિકમાં અટવાવું પડે છે. તેમાં પણ ઘણી વખત બે બે માલગાડીની આવન જાવનથી મુસાફરો ત્રાહિમામ પોકારી ઉઠે છે. ટ્રેન કે માલગાડી નીકળી ગયા પછી પણ ફાટક ખોલવામાં થતો વિલંબ અસહ્ય થઈ પડે છે. અધૂરામાં પૂરું, ફાટક ખુલતા જ વહેલા નીકળી જવાની હોડમાં બંને બાજુથી વાહનો સામસામે આવી જતા સમયનો ભારે દુર્વ્યય થાય છે. તેમાં પણ ઈમરજન્સી કેસના બીમાર દર્દીનું તો આવી જ બને છે. આજે ફાટક ખુલ્યા બાદ રોંગ સાઈડેથી ઘુસેલ વાહનોના કારણે ટ્રાફીક ચક્કાજામ થયો હતો.તેથી અડધો કલાક સુધી વાહન ચાલકો અને મુસાફરો અટવાઈ પડતાં અંધાધુધીના દ્રશ્યો સર્જાયા હતા.જેના પગલે રૂરલ પીઆઈ ચૌધરી જુનાડીસા જમાદાર અને સ્ટાફ સાથે દોડી આવ્યા હતા.જો કે પોલીસને પણ ટ્રાફીક હટાવતા પરસેવો વળી ગયો હતો.

### પ્લોટ મળશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન અગાઉ ગુડા દ્વારા ૬ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા તેમાંથી ૪ જેટલા પ્લોટ પર કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરી મનપાના તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ માસના અંત સુધીમાં આ તમામ ૬ પ્લોટ પર કમ્પાઉન્ડ વોલ બની જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જુદા જુદા ટી.પી. વિસ્તારોમાં ૧૦૦ જેટલા પ્લોટનો કબ્જો મેળવવાની કામગીરી છે તે એક સપ્તાહમાં પૂર્ણ કરી દેવામાં આવશે આ પછી ત્યાં પણ કમ્પાઉન્ડ વોલ ઉભી કરી મનપાની માલિકી દર્શાવતા બોર્ડ લગાવવામાં આવશે.

### વાઈડનીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે ઝડપી અને સંતુલિત વિકાસનો અભિગમ અપનાવ્યો છે. એકબાજુ વિકાસનો વ્યાપ વધતા પાણી ગટર સહીતની માળખાકીય સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે માર્ગની સાઈડમાં પણ જગ્યા ઉપલબ્ધ થાય તેવુ આયોજન રાખવામાં આવ્યુ છે. ગુડાએ એક સાથે ૪૦ જેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમો બનાવવા આયોજન કર્યુ હતુ. ત્યારે હવે ગુડાના મોટાભાગના વિસ્તારને કોર્પોરેશનમાં ભેળવી દેવાતા ટાઉન પ્લાનીંગના આંતરિક માર્ગોને પહોળા કરવાની યોજના કોર્પોરેશને પણ ઝડપથી અમલી બનાવવી પડશે નહીંતર આગામી દિવસોમાં ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા પરેશાનીનુ કારણ બનશે.

### ડ્રગ્સ પકડાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોવાની આશંકા છે. પાકિસ્તાની ડ્રગ માફિયા ઝાહિદ બલોચ ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ ના ૨૦૧૯ ના ૨૨૭ કિલો હેરોઈન ગુનામાં વોન્ટેડ છે.ફરાર આરોપી ઈસા રાવ અને મુખ્તાર હુસેન કાકા ભત્રીજા આરોપી મુખ્યત્યાર પાકિસ્તાન મરીન સિક્યુરિટીના હાથે અગાઉ ઝડપાઈ ચુક્યો હતો પરંતુ બોટ ખરાબ થવાનું બહાનું કરી અને છૂટી ગયો હતો. આ ડ્રગ્સનો જથ્થો આફ્રિકામાં મોકલવાનો હતો. પરંતુ કોઈ કારણોસર ડિલિવરી ગુજરાતમાં કરી હતીરાજયમાં ડ્રગ્સની હેરાફેરી મામલે ગુજરાત પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. સૌરાષ્ટ્રના મોરબી જિલ્લાના ઝીંઝુડા ગામેથી ગુજરાત એટીએસની ટીમ દ્વારા દરોડા પાડી મકાનમાંથી ૧૨૦ કિલો રૂ. ૬૦૦ કરોડ રૂપિયાનું હેરોઈન ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. પાકિસ્તાનથી દરિયાઈ માર્ગે આ હેરોઈન ડ્રગ્સ ઓકટોબર મહિનાના છેલ્લા અઠવાડીયામાં પાકિસ્તાન મધદરિયેથી ડિલિવરી લઈ દ્વારકામાં છુપાવ્યું હતું. જે બાદમાં મોરબી ઝીંઝુડા ગામે મકાનમાં છુપાવ્યું હતું. આ મામલે રાજયના પોલીસવડા આશિષ ભાટિયાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ગુજરાત પોલીસનું મોટું ઓપરેશન છે. ૧૨૦ કિલો હેરોઈન પકડાયું છે. જેની આંતરરાષ્ટ્રીય કિંમત રૂ. ૬૦૦ કરોડની કિંમત થાય છે. ભારતીય દરિયાઈ આંતરરાષ્ટ્રીય સીમામાંથી લાવ્યા હતા.મોરબીના કેસમાં સમસુદ્દિન સૈયદ, જબ્બાર મુખ્તાર હુસૈન અને ગુલામ હુસૈનની અટકાયત કરવામાં આવી છે. આ અંગે કેન્દ્રીય એજન્સીઓને પણ જાણ કરવામાં આવી છે.

### મોંઘવારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓક્ટોબર ૨૦૨૧ દરમિયાન કાચા તેલ અને ગેસની કિંમતોમાં ૯.૪૮ ટકા, ખાદ્ય વસ્તુની કિંમતમાં ૫.૦૫ ટકાનો વધારો થયો. આ દરમિયાન બિનખાદ્ય વસ્તુઓની કિંમતોમાં ૪.૫૯ ટકાનો ઘટાડો આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે નવેમ્બરમાં પણ મોંઘવારીમાં બજારોમાં તેજી જોવા મળી રહી છે. તહેવારની સિઝન ખતમ થયા બાદ પણ હજુ સુધી મોંઘવારી ઓછી થઈ નથી. ટામેટાના ભાવ આસમાને છે. ડુંગળીના ભાવ સામાન્ય માણસને રડાવી રહ્યા છે. સામાન્ય શાકભાજીના ભાવ પણ ઝડપથી વધી રહ્યા છે. મોંઘવારીનો માર લોકો પર સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.